| | | | |
|---|---|---|---|
| રજૂ તારીખઃ– | ૦૧/૧૦/૨૦૨૪ | | |
| નોંધ્યા તારીખઃ– | ૦૧/૧૦/૨૦૨૪ | | |
| ફેંસલ તારીખઃ– | ૩૦/૦૩/૨૦૨૬ | | |
| અવધિઃ– | વર્ષ | માસ | દિવસ |
| | ૦૧ | ૦૫ | ૨૯ |
| **આંકઃ–** | **૧૯** | | |

**મે.રાજકોટના પમાં અધિક સત્ર ન્યાયાધીશશ્રીની કોર્ટ સમક્ષ, રાજકોટ.**

**<u>ફોજદારી અપીલ નં. ૭૩૪/૨૦૨૪</u>**

**અરજદાર/એપેલેન્ટઃ**

**(મુળ આરોપી)** **શ્રી મનસુખલાલ નારણજી વ્યાસ,**
ઉ.વ.૭૫, ધંધો–વેપાર,
રહે. ન્યુ જાગનાથ પ્લોટ શેરી નં.૨૨/૩૯,
વિદ્યા ભવન કો.ઓપ.હા.સો.લી. એપાર્ટમેન્ટ,
ગ્રાઉન્ડ ફ્લોર, રાજકોટ.

**વિરુદ્ધ**

**સામાવાળા/રીસ્પોન્ડન્ટઃ**

**(મુળ ફરિયાદી)** **૧.** **વજેસિંહ તખતસિંહ ખેરડીયા,**
ઉ.વ. પુખ્ત, ધંધો–વેપાર,

**૨.** **શ્રી સરકાર**

***<u>બાબતઃ</u>*** ***<u>ક્રી.પ્રો.કોડની કલમ–૩૭૪ મુજબ અપીલ.</u>***

==================================================
એપેલેન્ટ/મુળ આરોપી તરફે વિ.વકીલશ્રી એ.એન.જનાણી
સામાવાળા નં.૧ /મુળ ફરિયાદી તરફે વિ.વ.શ્રી સી.કે.કુકરેચા
સામાવાળા નં.૨ સરકારશ્રી તરફે વી.એ.પી.પી.શ્રી ટી.એસ.માથુર
==================================================

-// ઠ રા વ //-

(૧) આ કામના અપીલકર્તા (મુળ આરોપી) તરફે હાલની અપીલ દાખલ થયેલ છે, જે અપીલની સંક્ષિપ્ત હકીકત એવી છે કે, આ કામના અપીલકર્તા વિરુધ્ધ સામાવાળા નં.૧/મુળ ફરિયાદી નાએ રાજકોટના ચીફ જ્યુડી. મેજીસ્ટ્રેટશ્રીની કોર્ટમાં ધી નેગોશીએબલ ઇન્સ્ટ્રુમેન્ટ એકટ કલમ-૧૩૮ મુજબની ફરીયાદ આપેલ જેને ફોજદારી કેસ નં. ૧૮૯૪૫/૨૦૧૯ આપવામાં આવેલ. જે કેસ રાજકોટના ૧૧મા અધિક ચીફ જ્યુડી. મેજીસ્ટ્રેટશ્રી સાહેબની કોર્ટમાં ચાલી જતા જે લગત આ કામના અપીલકર્તા (મુળ આરોપી)ને ક્રિ.પ્રો.કોડની કલમ-૨૫૫(૨) અન્વયે ધી નેગોશીએબલ ઇન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૩૮ મુજબના ગુનાના કામે તકસીરવાન ઠરાવી ૦૧ વર્ષની સાદી કેદની સજા ભોગવવા તેમજ ક્રી.પ્રો.કોડની કલમ-૩૫૭(૩) અન્વયે ફરિયાદને વળતર પેટે રૂ૦ ૫,૦૦,૦૦૦/- (અંકે રૂપિયા પાંચ લાખ પુરા) દિન-૬૦ માં ચુકવી આપવા અને જો આરોપી વળતરની રકમ ચુકવવવામાં કસુર કરે તો આરોપીએ વધુ ૦૬(છ) માસની સાદી કેદની સજા ભોગવવા તા. ૦૪/૦૯/૨૦૨૪ ના રોજ આંક-૩૫ થી ફરમાવેલ હુકમથી નારાજ થઈને હાલની અપીલ દાખલ કરેલ છે.

(૨) આ અપીલના કામે સામાવાળાને પ્રોસેસની બજવણી થયેલ છે. સામાવાળા નં.૧ (મુળ ફરીયાદી) તેમના વિ. વ. શ્રી સી.કે.કુકરેચા મારફતે હાજર થયેલ છે. આ અપીલના કામે ટ્રાયલ કોર્ટનું રેકર્ડ મંગાવવામાં આવેલ છે.

(૩) ત્યારબાદ આ કામે અપીલકર્તા (મુળ આરોપી) તર્ફે વિ.વ. શ્રી એ.એન.જનાણીની તેમજ સામાવાળા/મુળ ફરિયાદી તરફે તેમના વિ.વકીલશ્રી સી.કે.કુકરેચાની તેમજ સરકારશ્રી તરફે વિ.એ.પી.પી.શ્રીની મૌખિક દલીલો સાંભળવામાં આવેલ છે.

(૪) હાલની અપીલના નિર્ણય સારુ નીચે મુજબના મુદ્દા કાઢવામાં આવે છે.

**::મુદ્દા::**

(૧) શું રાજકોટના વિ.૧૧મા અધિક ચીફ જ્યુડી.મેજી.શ્રીની અદાલત દ્વારા ક્રિમીનલ કેસ નં. ૧૮૯૪૫/૨૦૧૯ ના કામે તા.૦૪/૦૯/૨૦૨૪ ના રોજ આંક–૩૫ થી કરવામાં આવેલ વાદગ્રસ્ત હુકમ ભૂલભરેલ, ગેરકાયદેસર અને કાયદાની જોગવાઈ વિરુદ્ધનો છે? અને શું તેથી તેમાં હાલની આ અપીલના કામે હસ્તક્ષેપ કરવો જરૂરી જણાય છે?

(૨) શું હુકમ?

**::કા ર ણો::**

**મુદ્દા નં.૧:–**

(૫) હાલના કામે મુળ ફોજદારી કેસના કામે ફરીયાદપક્ષે આંક–૧ ની ફરિયાદમાં એવી હકીકત જણાવેલ છે કે, ફરીયાદી તથા આરોપી વચ્ચે મિત્રતાનો સંબંધ હોય, આરોપીને ધંધાકીય ઉપયોગ માટે નાણાની જરૂરીયાત હોય ફરીયાદી પાસેથી ફેબ્રુઆરી–૨૦૧૮ માં રૂ. ૫,૦૦,૦૦૦/– હાથઉછીના વગર વ્યાજે લીધેલા અને તે રકમ ફરીયાદી માંગે ત્યારે પરત ચુકવી આપવા વચન અને વિશ્વાસ આપેલ. ત્યારબાદ ફરીયાદીને નાણાકીય જરૂરીયાત થતા, આરોપી પાસેથી ઉપરોકત રકમ પરત માંગતા, આરોપીએ તે રકમ પેટે બેન્ક ઓફ બરોડા, જાગનાથ પ્લોટ, રાજકોટનો ચેક નં.૦૦૦૧૦૫, રૂ૦ ૫,૦૦,૦૦૦/– તા.૨૩/૧૦/૨૦૧૯ ના રોજનો આપેલ અને ચેક આપતી વખતે આરોપીને વચન, વિશ્વાસ અને ખાત્રી આપેલ કે, સદરહુ ચેક બેન્કમાં જમા કરાવ્યેથી ફરીયાદીને લેણી રકમ મળી જશે. જેથી ફરીયાદીએ તે ચેક સ્વીકારી તેમના ખાતાવાળી બેન્કમાં જમા કરાવતા, તે ચેક "ફંડસ ઈનસફીશીયન્ટ''ના શેરા સાથે તા.૨૪/૧૦/૨૦૧૯ ના રોજ પરત ફરેલ. ચેક પરત ફરતા, આ કામના ફરીયાદીએ તેમના વકીલશ્રી મારફતે આરોપીને તા.૦૮/૧૧/૨૦૧૯ નારોજ રજી.એડી. દવારા આરોપીને ડીમાન્ડ નોટીસ મોકલેલ. જે નોટીસ આ કામના આરોપીને તા.૧૧/૧૧/૨૦૧૯ ના રોજ

ધોરણસર બજી ગયેલ છે તેમ છતાં, આરોપીએ ચેકની રકમ ભરપાઈ કરેલ નથી. તેથી ફરીયાદીએ આરોપી વિરૂધ્ધ ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ, ૧૮૮૧ ની કલમ–૧૩૮ ના ગુના સબબ હાલની ફરીયાદ દાખલ કરેલ જે કેસ નામ. ટ્રાયલ કોર્ટમાં ચાલી જતા ટ્રાયલ કોર્ટે અપીલકર્તા–મુળ આરોપીને તકસીરવાન ઠરાવી કેદના સજા તેમજ ફરિયાદીને વળતર ચુકવવા હુકમ કરેલ હોય તે હુકમથી નારાજ થઈને હાલની અપીલ દાખલ કરેલ છે.

(૬) સદર કામે અપીલ મેમો વંચાણે લીધો. સદર કામે આરોપી તરફે મુખ્યત્વે દલીલ કરેલ છે કે, નામ. ટ્રાયલ કોર્ટનો હુકમ ખરો નથી, પ્રતિસ્થાપિત સિદ્ધાંત તેમજ સમન્યાના સિદ્ધાંત વિરૂદ્ધનો છે. આરોપીએ આપેલો ચેક કોઈ કાનુની દેવા કે કાનુની જવાબદારીના પુરેપુરી કે તે પૈકીની રકમ ચુકવી આપવા માટે આપેલ છે તે માની નામ. ટ્રાયલ કોર્ટે ગંભીર ભુલ કરેલ છે. વધુમાં દલીલ કરેલ છે કે, ચેકમાં અલગ અલગ અક્ષરો છે અને તે રીતે મહત્વનું અલ્ટરેશન છે. રીસ્પોડન્ટે સીક્યોરીટી પેટે આપેલા ચેકનો દુરઉપયોગ કરેલો છે તે વિ. ટ્રાયલ કોર્ટે નહીં માની કાયદા તેમજ હકીકતની ભુલ કરેલ છે.નામ. ટ્રાયલ કોર્ટ દ્વારા એન.આઈ.એક્ટની કલમ–૧૩૮ ની જોગવાઈઓના આવશ્યક તત્વો પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ છે. એપેલેન્ટને નોટીસની બજવણી થયેલ નથી. અદાલતે માત્ર ચેક પાછો ફરેલ છે તેથી ગુનો કરેલ છે તેમ માનવામાં ભુલ કરેલ છે. ફરિયાદીએ પોતાની કાયદેસરની લેણી રકમ સાબીત કરેલ નથી. ફરિયાદપક્ષે પોતાનો કેસ નિઃશંકપણે પુરવાર કરેલ નથી. કાયકાદીય જોગવાઈઓને ધ્યાને લીધા સિવાય સજા કરેલ છે. આરોપીની ગેરહાજરીમાં હુકમ ફરાવેલ છે અને બચાવની કોઈ તક આપેલ નથી જેથી સદર અપીલ મંજુર કરવા તેમજ નામ. નીચેની અદાલતનો હુકમ રદ કરવા અથવા નામદાર ટ્રાયલ કોર્ટ માં ફરીથી રીમાન્ડ કરી આપવા નો હુકમ કરવા જણાવેલ છે.

(૭) સામાવાળા નં.૧ (મુળ ફરીયાદી) તરફે તેમના વિ.વકિલશ્રી મારફતે હાજર થઈ આંક–૧૮ થી પુરસીસ આપી ટ્રાયલ કોર્ટમાં સદર કેસ રીમાન્ડ કરવામાં આવે અને સદર કામમાં એપેલન્ટ–મુળ આરોપીએ હુકમ

મુજબ ૨૦% રકમ ભરેલ ન હોય જે ન ભરે તો તેમને વાંધો નથી તેવી હકીકત જાહેર કરેલ છે.

જ્યારે સામાવાળા ન.૨ સરકારશ્રી તરફે વિ.એ.પી.પી.શ્રી દ્વારા મુળ ફરિયાદીની આંક-૧૮ નીપુરસીસ ધ્યાને લઈ યોગ્ય તે હુકમ કરવા અરજ કરેલ છે.

(૮) બન્ને પક્ષકારોની રજુઆતો, વિ. ટ્રાયલ કોર્ટનું રેકર્ડ, ચુકાદો તેમજ હાલની અપીલના કામે રીસ્પોડન્ટ નં.૧/મુળ ફરિયાદી તરફે રજુ આંક-૧૮ ની પુરસીસ વંચાણે તેમજ ધ્યાને લીધી. મુળ ફોજદારી કેસનું રેકર્ડ વંચાણે તેમજ ધ્યાને લેતા જણાઈ આવે છે કે, આ કામના એપેલેન્ટ/મુળ આરોપી ટ્રાયલ કોર્ટમાં મુદતે હાજર ન રેહવાથી તેમનો ફરિયાદીની ઉલટતપાસ કરવાનો હક્ક વિ. ટ્રાયલ કોર્ટ દ્વારા તા. ૧૦/૧૦/૨૦૨૩ ના રોજ બંધ કરી દેવામાં આવેલ છે. ત્યારબાદ સદર કામ આરોપીના વિશેષ નિવેદન પર હતુ ત્યારે પણ આરોપી હાજર નહીં રહેતા આંક-૩૨ નીચે હુકમ કરી તા.૦૫/૦૩/૨૦૨૪ ના રોજ વિ. ટ્રાયલ કોર્ટે આરોપીના એફ.એસ.નો હકક બંધ કરી દીધેલ છે. ત્યારબાદ કામ દલીલ પર પેન્ડીંગ હતુ ત્યારે પણ આરોપી તરફે કોઈ હાજર નહીં રહેતા આંક-૩૩ નીચે હુકમ કરી આરોપીનો દલીલનો હક્ક વિ. ટ્રાયલ કોર્ટે તા. ૧૧/૦૭/૨૦૨૪ ના રોજ બંધ કરેલ છે. આમ, એપેલેન્ટની દલીલ મુજબ તેમને વિ. ટ્રાયલ કોર્ટમાં બચાવની તક મળેલ નથી અને એકતરફી હુકમ ફરમાવેલ છે તેથી હાલની અપીલ દાખલ કરેલ છે અને હાલની અપીલના કામે એપેલેન્ટ દ્વારા મેટર રીમાન્ડ કરવાની દાદ માંગેલ છે. ત્યારે અપીલના કામે મુળ ફરિયાદી તરફે આંક-૧૮ પુરસીસ રજુ કરી ટ્રાયલ કોર્ટમાં સદર કેસ રીમાન્ડ કરવામાં આવે અને સદર કામમાં એપેલન્ટ-મુળ આરોપીએ હુકમ મુજબ ૨૦% રકમ ભરેલ ન હોય જે ન ભરે તો તેમને વાંધો નથી તેવી હકીકત જાહેર કરેલ છે તે સંજોગોમાં વિદ્વાન ટ્રાયલ કોર્ટના હુકમમાં હસ્તક્ષેપ કરવાનું વ્યાજબી જણાતુ હોય મેટર રીમાન્ડ કરવાનું ઉચિત જણાતુ હોય જેથી ઉપરોકત તમામ ચર્ચાને અંતે, **મુદ્દા નં.૧** નો નિર્ણય **"હકારમાં"** ઠરાવવામાં આવે છે અને **મુદ્દા નં.૨** અન્વયે નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

(૯) ઉપરોકત મુદ્દાના મારા નિર્ણયો નીચે મુજબ છે:

(૧) હકારમાં.

(૨) આખરી હુકમ મુજબ.

**:: હુ ક મ ::**

(૧) એપેલન્ટ/મુળ આરોપીની હાલની આ અપીલ આથી મંજુર કરવામાં આવે છે.

(૨) વિ. ૧૧મા એડી. ચીફ. જયુડી. મેજીસ્ટ્રેટશ્રી, રાજકોટ નાઓએ ફોજદારી કેસ નં. ૧૮૯૪૫/૨૦૧૯ ના કામમાં આ કામના અપીલકર્તા (મુળ આરોપી)ને ક્રિ. પ્રો. કોડની કલમ–૨૫૫(૨) અન્વયે ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબના ગુનાના કામે તકસીરવાન ઠરાવી ૦૧ વર્ષની સાદી કેદની સજા ભોગવવા તેમજ ક્રી.પ્રો.કોડની કલમ–૩૫૭(૩) અન્વયે ફરિયાદને વળતર પેટે રૂ. ૫,૦૦,૦૦૦/– (અંકે રૂપિયા પાંચ લાખ પુરા) દિન–૬૦ માં ચુકવી આપવા અને જો આરોપી વળતરની રકમ ચુકવવવામાં કસુર કરે તો આરોપીએ વધુ ૦૬(છ) માસની સાદી કેદની સજા ભોગવવા તા. ૦૪/૦૯/૨૦૨૪ ના રોજ આંક–૩૫ થી ફરમાવેલ હુકમ આથી રદ કરવામાં આવે છે.

(૩) આ કામના એપેલેન્ટ/મુળ આરોપીને ફોજદારી કેસ નં. ૧૮૯૪૫/૨૦૧૯ ના કામમાં સામાવાળા નં.૧/મુળ ફરિયાદીની ઉલટતપાસ કરવાની તેમજ પોતાનો પુરાવો રજુ કરવાની તેમજ બન્ને પક્ષોની દલીલો કરવાની તક આપી સદરહુ ફોજદારી કેસ નવેસરથી કાયદા મુજબ ગુણ–દોષ ઉપર આ અપીલમાં આ અદાલતે કરેલ અવલોકનોને ધ્યાને લીધા સિવાય ચલાવીને આખરી નિર્ણય કરવા માટે રીમાન્ડ કરવામાં આવે છે.

(૪) બન્ને પક્ષકારોએ ટ્રાયલ કોર્ટ સમક્ષ મુદ્દત તા.૧૫/૦૪/૨૦૨૬ ના રોજ હાજર રહેવું.

૪. બન્ને પક્ષકારોએ ટ્રાયલમાં સાથ સહકાર આપવો અને સદરહુ ફોજદારી

કેસ નં. ૧૮૯૪૫/૨૦૧૯ ઝડપી ચલાવી લેવાનો અને ત્રણ માસમાં તેનો નિકાલ કરવાનો ટ્રાયલ કોર્ટને આથી હુકમ કરવામાં આવે છે.

૫. આ હુકમની એક નકલ તથા ફોજદારી ૧૮૯૪૫/૨૦૧૯ ના કામનું અસલ રેકર્ડ નીચલી અદાલતમાં યાદી સાથે તાત્કાલીક મોકલી આપવું.

આ હુકમ આજ તા. **૩૦**મી માહે–**માર્ચ,** સને–**૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

રાજકોટ.

તા. ૩૦/૦૩/૨૦૨૬.
સ્થળઃ રાજકોટ.

**(અશ્વિનકુમાર કેશવલાલ શાહ)**
GJ00663
**૫મા** એડીશનલ સેશન્સ જજ,
રાજકોટ.